
# 'ફાઈવ ડિકેડ્સ ઈન પોલિટિક્સ' : સર્જિકલ સ્ટ્રાઈક, નિર્ભયા અને 'સેફ્રન ટેરરિઝ્મ' અંગે પૂર્વ ગૃહમંત્રી

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

પી. ચિદમ્બરમ્ અતિ બૌદ્ધિક કક્ષાના વ્યક્તિ હતા. તેમનું વલણ આક્રમક રહેતું. તેઓ હંમેશા તેમના સાથીઓ સાથે સારાં સંબંધ બનાવી રાખતા અને સારાં એવાં અધિકારીઓ તેમના પ્રત્યે નિષ્ઠા ધરાવનારા હતા. શિવરાજ પાટીલ પણ સારા વ્યક્તિ હતા, પરંતુ ઘણાંએ તેમની છબિ બગાડવાનો પ્રયાસ કર્યો, જેના કારણે તેમને ગૃહ મંત્રાલય છોડવું પડ્યું. પ્રણવ મુખરજી જ્યારે રાષ્ટ્રપતિ બન્યા ત્યારે પી. ચિદમ્બરમ નાણાં મંત્રી બન્યા અને ગૃહ મંત્રીનું પદ ખાલી થયું, જેના કારણે મારી નિમણૂંક થવાની દિશામાં અવસર ઊભો થયો.”




આ લખાણ છે પૂર્વ ગૃહ મંત્રી સુશીલકુમાર શિંદેનું અને તેઓ ગૃહ મંત્રી તરીકે પોતાના અનુભવ લખ્યા છે તે પુસ્તક છે 'ફાઈવ ડિકેડ્સ ઈન પોલિટિક્સ'. પુસ્તકના નામ પરથી ખ્યાલ આવી શકે કે તેમાં માત્ર સુશીલકુમાર શિંદેના જીવનનો ગૃહ મંત્રીનો કાળ નથી. પરંતુ અત્યારે પુસ્તકની ચર્ચા થઈ રહી છે તેનું કારણ તેમનો આ કાર્યકાળ જ છે. આ અંગે તેઓ લખે છે કે, “UPA સરકારના સમયગાળા દરમિયાન કેબિનેટમાં મારી કાબેલિયત મુજબ મેં અનુભવ્યું કે કેબિનેટ મંત્રી તરીકે અન્ય કોઈ પણ મંત્રાલય સંભાળવા કરતાં ગૃહ મંત્રીનું પદ એ તદ્દન વેગળી જવાબદારી છે. તેનું કારણ આ વિભાગ જટીલ છે અને તેમાં ઝડપથી નિર્ણય લેવાના થાય છે. કોઈ પણ મુશ્કેલ પરિસ્થિતિને ઝડપથી થાળે પાડવાની હોય છે. તેમાં શાલિનતા દાખવવાનો કોઈ અવસર મળતો નથી, કારણ સ્થિતિ ગતિથી બદલાય છે. તેમાં હમેશ ખડેપગે રહેવું પડે અને કાયદો વ્યવસ્થા જાળવવા લાખો લોકોએ અવિરત કાર્ય કરવાનું થાય છે. જોકે તેમ છતાં ગૃહ મંત્રાલયનું કાર્ય શાંતિભર્યા માહોલમાં થાય છે તે પ્રમાણેની છાપ છે. આગળ વધીને કહેવું હોય તો આ પાડ ન માનનારું કાર્ય છે. કામ પૂરું થાય તેમ છતાં અહીં પ્રશંષા દુર્લભ છે અને અહીં હંમેશા ટીકા થતી રહે છે. વિશેષ કરીને ગૃહ મંત્રાલયનું એક જવાબદારીભર્યું કામ રાજ્ય સાથે સૌહાર્દભર્યા સંબંધો રાખવાનું છે - ખાસ કરીને રાજ્યના મુખ્યમંત્રી અને મુખ્ય સેક્રેટરી સાથે. દાખલા તરીકે પૂર્વીય રાજ્યોમાં અમારા સંબંધ સારાં હતા, જેથી મેઘાલય અને નાગાલેન્ડ જેવા રાજ્યોમાં કેટલીક ગંભીર સમસ્યાઓનો અમે ઝડપી ઉકેલી શક્યા.”

એક દાયકા પૂર્વે ગૃહ મંત્રી રહેનારા સુશીલકુમાર શિંદેનું નામ જાણે આજે ભૂલાઈ ચૂક્યું છે, પરંતુ છેલ્લી UPA સરકારમાં તેઓ મજબૂત આગેવાન તરીકે ઉભર્યા હતા. ગૃહ મંત્રી જેવું ખાતું તો તેમણે સંભાળ્યું હતું, તદ્ઉપરાંત તેઓ લોકસભામાં 'લીડર ઑફ હાઉસ'રહ્યા હતા. તેમના પછી લોકસભામાં આ પદે છેલ્લી ત્રણેય સરકારમાં નરેન્દ્ર મોદી છે. તેમનો રાજકીય પ્રોફાઈલ જોઈએ તો ખ્યાલ આવે તેઓ અનેક પદ પર રહ્યા છે. 1992થી 1998 દરમિયાન તેઓ મહારાષ્ટ્રમાંથી રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા. તે પછી તેઓ બે ટર્મ સુધી મહારાષ્ટ્રના સોલાપુર બેઠકથી સંસદ તરીકે રહ્યા. 2003માં એક વર્ષ માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બન્યા. તે પછી તેઓ બે વર્ષ માટે આંધ્ર પ્રદેશના રાજ્યપાલનો પદભાર સંભાળ્યો. આ રીતે તેઓ મહારાષ્ટ્રમાં કૉંગ્રેસના મજબૂત આગેવાન રહ્યા. હાલમાં તેમનાં ત્રણ દીકરીઓમાંથી એક દીકરી પ્રણીતી શિંદે સંસદ તરીકે ચૂંટાઈને આવ્યાં છે. એ સહજ છે કે સુશીલકુમાર શિંદે રાજકીય ગલિયારાઓની અનેક વાતો જાણતા હોય. તેમણે આવી અનેક વાતો પુસ્તકમાં ચર્ચી છે. એક સ્થાને તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિશે લખે છે : 'ઘણી વાર નરેન્દ્ર મોદી વિશેની મારી પ્રથમ છાપ વિશે પૂછવામાં આવે છે. ગૃહ મંત્રી તરીકે, તત્કાલિન ગુજરાત સરકાર સાથે મારો ઝાઝો સંવાદ થયો નથી, જેની આગેવાની નરેન્દ્ર મોદી કરી રહ્યા હતા. 2014માં તેઓ વડા પ્રધાન બન્યા અને 2024 સુધી તેમના કાર્યકાળમાં અર્થતંત્ર પડી ભાંગ્યું, અતિશય બેરોજગારી વધી, બે ધર્મ વચ્ચેનું અંતર વધ્યું. 2014માં તેઓ શિરડીમાં એક ભાષણ દરમિયાન સોલાપુર જેકેટના વખાણ કરી રહ્યા હતા, તે મારા માટે તે આશ્ચર્યભર્યું અને રમૂજી વાત હતી. કદાચ તેમને ખબર નહોતી કે તેઓ જેનો ઉલ્લેખ કરી રહ્યા હતા તે જેકેટ સોલાપુરમાં બનતા નથી.'

આગળ શિંદે સર્જિકલ સ્ટ્રાઈક વિશે લખે છે “2019ના સર્જિકલ સ્ટ્રાઈક વિશે ઘણું બોલાયું-લખાયું છે, જેમાં ઈન્ડિયન એર ફોર્સ લાઈન ઓફ કન્ટ્રોલ વટાવીને પાકિસ્તાનમાં આંતકી કેમ્પનો નાશ કરવા પહોંચ્યું હતું. હું પૂરતા વિશ્વાસ સાથે કહું છું કે UPAના કાર્યકાળ દરમિયાન અમે પણ સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. હું ગૃહ મંત્રી હતો ત્યારે અમારી સરકારના નિર્ણયથી 40થી 65 આંતકી કેમ્પ પર હૂમલો કર્યો હતો. જોકે, અમે તેની કોઈ જાહેરાત કરી નહોતી. સર્જિકલ સ્ટ્રાઈકની વાત ક્યારેય આ રીતે જાહેરમાં ન કરવી જોઈએ, પરંતુ મોદી સરકાર દ્વારા આ ઘટનાનું માર્કેટિંગ કરવામાં આવ્યું અને 2019ના લોકસભાની ચૂંટણીમાં તેનો લાભ ખાટ્યો.”

નિર્ભયા કેસ વિશે પણ તેઓ આ પુસ્તકમાં લખે છે : 'હું ઈશ્વરમાં માનનારો નથી, પરંતુ નિર્ભયાને જીવન મળે તે માટે મેં પ્રાર્થના કરી હતી. ત્રેવીસ વર્ષની નિર્ભયા સાથે બળાત્કાર સાથે ક્રૂરતા આચરાઈ હતી. 16 ડિસેમ્બર 2012ના આ ઘટનાએ અમને સુન્ન કરી દીધા હતા. અમે શક્ય એટલા પ્રયાસ કર્યા. તપાસમાં ખૂબ મહેનત કરી, ઝડપી કેસ ચાલે અને ગુનેગારોને સખ્ત સજા થાય તે માટે પ્રયાસ કર્યા. અમે ઝડપથી ગુનેગારોને શોધી શક્યા. નિર્ભયાને ઈલાજ માટે સિંગાપોર લઈ જવામાં આવી. પરંતુ ભાગ્યએ કશુંક જુદું વિચાર્યું હતું. તે પછીની 2014ની ચૂંટણીમાં મને હાર મળી. અનામત બેઠકને લઈને કલહ ઊદ્ભવ્યો. મેં નમ્રતાથી મારી હાર સ્વીકારી અને બીજા દિવસથી લોકહિત માટે કામ શરૂ કર્યા. તે પછી 2019ની ચૂંટણી લડવાની મારી કોઈ ઈચ્છા નહોતી, પરંતુ પક્ષને યોગ્ય ઉમેદવાર ન મળ્યો. જોકે હવે રાજકીય સ્થિતિ બદલાઈ ચૂકી હતી અને BJPને ભાગલાની રાજનીતિથી ફરી લાભ મળ્યો. મેં રાજકીય સન્યાસની જાહેરાત કરી દીધી. હવે હું ભવિષ્યમાં કોઈ ચૂંટણી લડવા ઈચ્છતો નથી.'

આ ઉપરાંત સુશીલકુમાર શિંદેના સંસ્મરણોમાં જે ચોંકવાનારો ખુલાસો છે તે 'સેફ્રોન ટેરિરિઝમ'અંગેનો છે. આ વિશે તેઓ લખે છે : '2013માં જયપુરમાં 'ઓલ ઈન્ડિયા કૉંગ્રેસ કમિટિ'ની ચિંતન શિબિરમાં આખરી દિવસે મેં સેફ્રોન ટેરિરિઝમ અંગે વાત કરી. મેં કહ્યું કે ગૃહ મંત્રાલયની તપાસમાં એ વાત પ્રકાશમાં આવી છે કે કેવી રીતે 'સેફ્રોન ઓર્ગેનાઈઝેશન'આંતક પ્રસરાવવા ટ્રેઈનિંગ કેમ્પ ચલાવી રહ્યા છે.'

સુશીલકુમાર શિંદે તે વખતના ગૃહ મંત્રાલયનો અહેવાલ ટાંકીને સમજૌતા એક્સપ્રેસ અને માલેગાંવ ખાતે મક્કા મસ્જિદમાં થયેલા ધડાકા વિશે BJP અને RSSને શંકાના દાયરામાં લાવે છે. તેઓએ જયપુરની ચિંતન શિબિરમાં સરકારને આ વાત ગંભીરતાથી લેવા અને સતર્ક રહેવા જણાવ્યું હતું. ત્યાર બાદ શિંદે તત્કાલિન IAS અધિકારી આર. કે. સિંઘનો પણ ઉલ્લેખ કરે છે, જેઓએ પણ આ મુદ્દા પર નિવેદન આપીને શિંદેને સુખદ આશ્ચર્ય આપ્યું હતું. જોકે શિંદે અહીંયા આર. કે. સિંઘનો અગાઉની એક ઘટનાનો ઉલ્લેખ કરીને કહે છે કે આર. કે. સિંઘે જ 1990ની રથયાત્રા દરમિયાન બિહારમાંથી લાલકૃષ્ણ અડવાણીની ધરપકડ કરી હતી. તે પછી આર. કે. સિંઘ NDAની સરકારમાં અડવાણી ગૃહ મંત્રી હતા ત્યારે જોઈન્ટ સેક્રેટરીના પદે આવ્યા હતા. શિંદે પોતાના કાર્યકાળને ટાંકીને તે વખતનો આર. કે. સિંઘના વલણ અંગે જણાવે છે કે ત્યારે સિંઘ એવું માનતા હતા કે સમજૌતા એક્સપ્રેસ અને મક્કા મસ્જિદમાં થયેલા બોમ્બ ધડાકામાં RSSની સંડોવણી છે. જોકે પછીથી આર. કે. સિંઘ BJPમાં જોડાઈ ગયા અને પછી તેઓ ક્યારેય 'સેફ્રોન ટેરિરિઝમ'વિશે બોલ્યા નથી. સુશીલકુમાર શિંદેએ આવી અનેક ઘટનાઓ, વાતોને પોતાના સંસ્મરણોમાં ચર્ચી છે.

**“UPAના કાળ દરમિયાન નોર્થ બ્લોકમાં ગૃહ મંત્રી તરીકે મારી શૈલી મારાં પૂર્વીઓ કરતાં વેગળી હતી. મેં દ્વાર ઉઘાડાં રાખાવાની નીતિ અપનાવી હતી અને કોઈ પણ મને આવીને મળી શકતા. હું ઉકેલ પણ લાવી શકતો; જેથી દિલ્હીની સત્તાની ગલિયારાઓમાં ગણગણાટ શરૂ થયો હતો કે ગૃહ મંત્રી તરીકે હું સારો છું**

# કુદરતી આફત : જીવન-મોતની જાલિમ જુગલબંધી!

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ

આ દેશમાં કુદરતી આફતો વિશે આવતા દરેક સમાચાર, આ દેશના માણસના મોતની સાથે જોડાયેલા રહેતા હોય છે. ભલેને પછી એ હવામાનમાં ફેરફારના સામાન્ય એવા સમાચાર જ કેમ ના હોય? લૂ વાય તો લોકો મરે, ઠંડી વધે તો લોકો મરે, પૂર આવ્યાં તો થોડાં લોકો ડૂબી ગયાં, વાવાઝોડું આવ્યું અને આટલાં મૃત્યુ થયાં, કુદરત સંબંધી દરેક માહિતી આ દેશમાં મૃત્યુની માહિતી સાથે જોડાયેલ હોય છે!

આટલી મોટી ભીડ, આટલી મોટી વસ્તી ધરાવતા આ દેશમાં માણસ ક્યાં છે એ તો ભગવાન જ જાણે. જ્યારે કોઈ ઝાડ પડે ત્યારે ખબર પડે કે એની નીચે માણસ હતો! પૂર આવે, ભૂકંપ આવે ત્યારે ખબર પડે કે ત્યાં માણસો જીવતા હતા! જ્યારે લાશ પાણીમાં વહીને આવે છે ત્યારે આપણને ત્યાંની માનવ વસ્તીની જાણકારી મળે છે. આ એક અજીબ સચ્ચાઈ છે. પૂર આવે તો એ માણસોના મોત વગર વ્યર્થ કહેવાશે. વાવઝોડું માથા પરથી પસાર થઈ જશે પણ જરૂરી છે કે દરેક વાવાઝોડાની લડાઈ, નાનકડા દીવા સાથે હોય જ! જરૂરી છે કે દીવો ઓલવાય તો જ આપણને વાવાઝોડાની ખબર પડશે! સરકારી તંત્ર આ લડાઈમાં હંમેશાં તટસ્થ રહેશે. વાવાઝોડાને તો એ રોકી ન શકે પણ દીવાને તો બચાવી જ શકે ને! પણ હા, જો સરકાર ધારે તો ને?

આપણા દેશમાં રિક્ષા, કાર, ટેક્સી, બસ, ટ્રક, રેલગાડી, બોટ, એ બધાં એટલા માટે હોય છે કે કુદરતી આફત આવે અને એ બધાં સાધનો થંભી જાય. એ બધાં રાતોરાત કામ કરતાં રોકાઈને કે ખોટકાઇને લડત આપે અને પછી આફત ટળવાની નિરાંતે રાહ જુએ.

એ બધાં સાધનોને આફત આવે તે પહેલાં કાર્યરત કરીને દેશના માણસને આવનાર મુસીબતોથી શું બચાવી ન શકાય? આપણા દેશમાં હેલિકોપ્ટરનું એ જ મહત્ત્વ છે કે પૂરના તાંડવનું નિરીક્ષણ કરવામાં આવે! પાણી જ્યારે ભેગું થઈ જાય ત્યારે એના પર નેતાઓના નકલી આંસુ વરસાવીને પાણીનું સ્તર વધારે વધારવામાં આવે! શું આપણે એ જ હેલિકોપ્ટરોથી પૂર અથવા વાવાઝોડું આવતા પહેલાં માણસને બચાવી ન શકીએ? ત્યાંથી એને ખસેડી ન શકીએ?

દરેક દેશે એ નક્કી કરવું પડે છે કે એની ભૌગોલિક સીમામાં માણસનું મહત્ત્વ શું છે? એની કિંમત કેટલી છે? એનું જીવન દેશને માટે કેટલું મૂલ્યવાન છે? આપણે એ સ્વીકારીશું નહીં કારણ કે એનાથી આપણી પ્રતિષ્ઠિત અને સંસ્કારી છબીને ઠેસ પહોંચે છે પણ સચ્ચાઈ એ જ છે કે રોગ, પૂર, લૂ, ઠંડી, વાવાઝોડામાં માણસો ન મરે, એ બાબતમાં આ દેશની સરકાર અને સામાજિક કાર્યકરો ચિંતા નથી કરતા! માત્ર જાહેરાત કરી નાખવાથી કે- 'વાવાઝોડું આવશે, ભારે વરસાદ થશે', એનાથી માણસ બચી નથી જતો! રસ્તાથી લઈ જંગલ સુધી આપણે માણસને ભગવાન ભરોસે છોડી દીધો છે! કોઈના મૃત્યુથી આપણને ક્યારેય ખોટ નથી લાગતી. આપણા દેશના મોટા-મોટા લોકો કદાચ 'માલ્થસ'ની થિયરી પ્રમાણે આ વાતને સાચી અને યોગ્ય માનતા હશે! એટલા માટે આપણા દેશમાં ઉત્તર પ્રદેશમાં અથવા ઓડિશામાં પૂરથી માણસના મોતના સમાચાર મોસમી સમાચાર છે કે હંમેશાંના ન્યૂઝ છે.

સરકાર એ માનીને ચાલે છે કે છોડો ને યારો, કુદરતી આફતોથી માણસોનાં મોત તો થશે જ! જ્યારે બધું જ તબાહ થશે, એની સાથે-સાથે મોત પણ આવશે, એમાં શું? ત્યારે અમે થોડાં ફૂડ પેકેટ્સ કે પાણીનાં પાઉચ ઉપરથી ફેંકશું પબ્લિક પર. પણ હા, જે જીવિત છે એ લોકોને બચાવવા માટે નહીં, મૃત્યુ પામેલા માણસોના શ્રાદ્ધ કરવા માટે! એ જ તો મહાન ભાવના છે અને એ જ આપણી સંસ્કૃતિ છે! ને આમ ને આમ દેશ ચાલ્યા કરે છે. (મૂળ લેખ: 1985)



**આપણા દેશમાં હેલિકોપ્ટરનું એ જ મહત્ત્વ છે કે પૂરના તાંડવનું નિરીક્ષણ કરવામાં આવે! પાણી જ્યારે ભેગું થઈ જાય ત્યારે એના પર નેતાઓના નકલી આંસુ વરસાવીને પાણીનું સ્તર વધારે વધારવામાં આવે! શું આપણે એ જ હેલિકોપ્ટરોથી પૂર અથવા વાવાઝોડું આવતા પહેલાં માણસને બચાવી ન શકીએ? ત્યાંથી એને ખસેડી ન શકીએ?**

# ઉત્કૃષ્ટ મેનેજર કમ પ્લાનર હોવાથી જય શાહ ICC ચેરમેન તરીકે અદ્ભુત કામગીરી કરી શકે છે

ખેલખેલમેં

35 વર્ષીય જય શાહ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાયા હતા અને આ પદ સંભાળનાર તે સૌથી યુવા વ્યક્તિ બન્યા છે. જય શાહ જ્યારે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (BCCI) સચિવ બન્યા અને તે પછી BCCIની કાર્યશૈલી જેમણે જોઈ છે તેઓને આજે જય શાહ ઈન્ટરનેશનલ લેવલે આ સ્તરે પહોંચી ગયા તેનાથી સ્હેજે આશ્ચર્ય થયું નથી. તેમનો ક્રિકેટ એડમિનિસ્ટ્રેશનમાં ઔપચારિક પ્રવેશ 2009માં થયો જ્યારે તેમણે જિલ્લા સ્તરે સેન્ટ્રલ ક્રિકેટ બોર્ડ અમદાવાદ (CBCA) સાથે કામ કરવાનું શરૂ કર્યું. ત્યારબાદ તેઓ ગુજરાત ક્રિકેટ એસોસિએશન (GCA) ના એક્ઝિક્યુટિવ તરીકે રાજ્ય સ્તરના વહીવટમાં આવ્યા અને આખરે 2013માં તેના સંયુક્ત સચિવ બન્યા. આઈસીસીના અધ્યક્ષ તરીકે જય શાહની ચૂંટણી એક સારો નિર્ણય છે એ સમજવા માટે બીસીસીઆઈમાં તેમની કામગીરી પર એક ઝીણવટભરી નજર નાંખવી જરૂરી છે.

જો સૌથી પહેલું એ ધ્યાને લેવામાં આવે કે ભારતીય ખેલાડીઓ સાથે વ્યક્તિગત સ્તરે જય શાહના કેવા સંબંધો છે તો તેમને જાણતા તમામ એક સૂરે કહેશે કે ખેલાડીઓ સાથે તેમના ઘણાં સારા સંબંધો છે, જો કે અહીં કહેવાનો અર્થ એ નથી કે ભારતના આ પહેલાના ICC વડાઓ ખેલાડીઓ સાથે સારા સમીકરણો ધરાવતા ન હતા. જગમોહન દાલમિયા અને એન શ્રીનિવાસન બે સફળ ઉદ્યોગપતિ હતા જેઓ કુદરતી વહીવટકર્તા બન્યા હતા. પીઢ રાજકારણી શરદ પવાર BCCIના પ્રમુખ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન અને બાદમાં જ્યારે તેઓ ICCના વડા પણ બન્યા ત્યારે તેઓ વિશ્વસનીય વરિષ્ઠ ખેલાડીઓના દ્દષ્ટિકોણને જાણતા હતા. પરંતુ જય શાહના કિસ્સામાં તમે એવું સ્પષ્ટ કહી શકો છો કે તેઓ કેપ્ટન રોહિત શર્માથી માંડીને સીનિયર બેટ્સમેન વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ હોય કે પછી હાર્દિક પંડ્યા જેવા બીજી હરોળના ખેલાડીઓ હોય, દરેક તેમની સાથે આરામદાયક અનુભવે છે.

જ્યારે જય શાહના પાંચ વર્ષના કાર્યકાળ પર નજર નાખવામાં આવે તો કોવિડ-19 એ વિશ્વને હચમચાવી નાખ્યું હતું અને બધુ થંભી ગયું હતું ત્યારે તેમને બે વર્ષ (2020 અને 2021) માટે ખૂબ જ પડકારજનક તબક્કામાંથી પસાર થવું પડ્યું હતું. IPL દરમિયાન બાયો-બબલ્સના નિર્માણની દેખરેખ રાખવી, તે બબલ્સની અંદર તબીબી ટીમો બનાવીને કોવિડના પોઝિટિવ કેસોનું સંચાલન કરવું અને ટુર્નામેન્ટનું સંપૂર્ણ સંચાલન સુનિશ્ચિત કરવું તે અવરોધોમાંથી એક હતા જે તેમણે સફળતાપૂર્વક દૂર રાખ્યા હતા.



તેમના આ કાર્યકાળ દરમિયાન જો જય શાહની કોઈ સૌથી મોટી ઉપલબ્ધી રહી હોય તો તે છે વુમન્સ પ્રીમિયર લીગ (WPL)ની શરૂઆત. તેમના નેતૃત્વ હેઠળ, WPL ની સતત બે સફળ સિઝનનું આયોજન કરવામાં આવ્યું હતું અને સોનામાં સુગંધ ભળવા જેવી વાત એ હતી કે આ લીગ મહિલા T20 ક્રિકેટમાં સૌથી વધુ કરાર ઓફર કરે છે. તેમના પુરોગામીઓએ મહિલા ક્રિકેટના આ પાસાને અવગણ્યો હતો. પરંતુ જય શાહે તેને આખરે સારો ઓપ આપ્યો હતો. ભારતીય મહિલા ક્રિકેટ ટીમને ટેસ્ટ દીઠ રૂ. 15 લાખ, વનડે દીઠ રૂ. 8 લાખ અને પ્લેઈંગ XIમાં સામેલ ખેલાડીને T20 મેચ માટે રૂ. 4 લાખ એમ સમાન મેચ ફી ચૂકવીને સમાનતા સુનિશ્ચિત કરવાનો તેમનો નિર્ણય યોગ્ય દિશામાં એક પગલું હતું. તેમના અન્ય નીતિગત નિર્ણયમાંથી મોટો નિર્ણય ટેસ્ટ ક્રિકેટને પ્રોત્સાહન આપવાનો હતો. ભારત આ વર્ષે 10-ટેસ્ટ સીઝન રમશે અને જો રોહિત શર્મા અને વિરાટ કોહલી તમામ મેચ રમે છે તો તેમને પ્રતિ મેચ 60 લાખ રૂપિયા જેમાં 45 લાખ રૂપિયાનું બોન્સ સામેલ છે તે મળીને કુલ 6 કરોડ રૂપિયાની મેચ ફી મળશે. આ તેમના A+ સેન્ટ્રલ રિટેનરશિપ કોન્ટ્રાક્ટ કરતાં માત્ર રૂ. 1 કરોડ ઓછા છે. આનો અર્થ એવો નથી કે શાહે જ્યારે જરૂર પડે ત્યારે સજા કરી ન હતી. તેમણે એવા યુવા ખેલાડીઓને પાઠ પણ ભણાવ્યો જેઓ સ્થાનિક ક્રિકેટની અવગણના કરીને આઈપીએલની સંપત્તિનો પીછો કરતા હોવાનું માનવામાં આવતું હતું અને તેનો સૌથી મોટો દાખલો ઈશાન કિશન છે. આ ઉપરાંત શ્રેયસ અય્યરને પણ તેમણે સ્થાનિક ક્રિકેટની અવગણના કરવા બદલ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર મૂકી દીધા હતા. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના અધ્યક્ષ તરીકે ચૂંટાયા પછી જય શાહે મંગળવારે જણાવ્યું હતું કે તેમના કાર્યકાળ દરમિયાન તેઓ ખાતરી કરશે કે ટેસ્ટ ક્રિકેટ રમતનો 'પાયો' બને અને આ સમય દરમિયાન અમે ક્રિકેટની પ્રગતિમાં આવનારા અવરોધને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીશું. તેમની આ વાત પરથી એવું પુરવાર થાય છે કે ટેસ્ટ ક્રિકેટને પ્રાધાન્ય આપવાની ICCની પહેલને તેઓ મક્કમતાથી આગળ ધપાવવા માગે છે. તેમણે એવું સ્પષ્ટ કહ્યું હતું કે ટી-20 સ્વાભાવિક રીતે એક રોમાંચક ફોર્મેટ છે પરંતુ ટેસ્ટ ક્રિકેટ દરેક માટે પ્રાથમિકતા રહે તે પણ એટલું જ મહત્વનું છે કારણ કે તે આપણી રમતનો પાયો છે. તેમણે કહ્યું હતું કે આપણે સુનિશ્ચિત કરવું જોઈએ કે ક્રિકેટરો લાંબા ફોર્મેટ તરફ આકર્ષાય અને અમારા પ્રયાસો આ લક્ષ્ય તરફ કેન્દ્રિત રહેશે. સાથે જ તેમણે કહ્યું હતું કે હું મારા કાર્યકાળ દરમિયાન ટેલેન્ટ સ્કાઉટિંગ માટે એક અલગ પ્રોગ્રામ સ્થાપવા માટે કામ કરવા માંગુ છું અને હું આ પ્રોગ્રામમાં તમારા સમર્થનની આશા કરું છું. શાહે સમગ્ર વિશ્વમાં રમતગમતના ધોરણોને વધુ વધારવા પર ભાર મૂક્યો હતો.

**ICC પ્રમુખ તરીકે જય શાહની બિનહરીફ વરણી ભારતીય ક્રિકેટ માટે અત્યંત મહત્વની બની શકે છે. જો અત્યાર સુધીના ભારતના ક્રિકેટ પ્રશાસકોનું રમતમાં તેમના યોગદાનના આધારે મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે જય શાહને ક્યાં મૂકવામાં આવશે તે હજી નક્કી નથી, પરંતુ તે નિર્વિવાદ રહેશે કે તેમણે નેશનલ અને હવે ઇન્ટરનેશનલ બાબતોને ખૂબ જ સરળતાથી સંભાળી છે અને તેની સાથે જ વૈશ્વિક સ્તરે ક્રિકેટના સત્તાના કોરિડોરમાં તેમણે પોતાનું એક અલગ જ સ્થાન બનાવ્યું છે.**